તા.૧૮/૧૨/૨૦૧૬

# વાહન ચોરી કરતી બે ગેંગ ઉધનાથી પકડાઇ

સુરતઃ વાહન ચોરી કરતી બે ગેંગને ઉધના પોલીસે ઝડપી પાડી પાંચ ગુનાના ભેદ ઉકેલાઇ ગયા છે. મળતી વિગતો પ્રમાણે ઉધના પોલીસ મથકનો સર્વેલન્સ સ્ટાફ એસીપી આર.એલ.પટેલ અને પીઆઇ ચેતન જાદવના માર્ગદર્શન હેઠળ ઉધના ત્રણ રસ્તા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો ત્યારે મળેલી બાતમીને આધારે ઉડીપી રેસ્ટોરન્ટ પાસેથી ૩ બાઇક ચોરને પકડી પાડયા હતા. પોલીસે મો. મંજૂર આલમ અન્સારી (રહે. અંબર કોલોની, ઉધના) તથા બે સગીર વયના ચોર શરીફ અન્સારી અને શ્રીજુ પદમશાલીની ધરપકડ કરી હતી. પોલીસ પૂછપરછમાં ઉધના વિસ્તારની ૩ બાઇક ચોરીનો તથા પાંડેસરા વિસ્તારની એક બાઇક ચોરીનો ભેદ ઉકેલાઇ ગયો હતો. ઉધના પોલીસની ટીમે અન્ય વાહનચોરોની ગેંગને પણ ઝબ્બે કરી હતી. દીપક ઉર્ફે દિપુ રાજેન્દ્ર પાત્ર (ઉ.વ. ૧૯, રહે. વિષ્ણુનગર, ઉધના), જીતુ ઉર્ફે જાડિયા બાબુ પ્રધાન (રહે. ક્રિષ્ણાનગર, પાંડેસરા) અને ગિરિજાપ્રસાદ રંકનીધિ મિશ્રા (રહે. ગાંધીકુટિર, ઉધના)ની ધરપકડ કરી હતી. ઓરિસ્સા-ગંજામના ત્રણેય ચોરોએ મહિધરપુરા પોલીસની હદમાંથી એક વાહન ચોરીની કબૂલાત કરી હતી.